सत्यमेव जयते

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

150 YEARS OF CELEBRATING THE MAHATMA


**ક્રમાંક: યોજના/સ્કો/૨૦૧૯/૪૪૬**

તા.૦૯/૧૧/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી

સરકારી અને ગ્રાન્ટેડ

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ

ભાવનગર

વિષય : વર્ષ ૨૦૧૯-૨૦ ની વોર કન્સેશન યોજના હેઠળની દરખાસ્ત મોકલવા બાબત.

સંદર્ભ : કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રાંક : હ-૨/સ્કો/૨૦૧૯/૨૦૦૬-૪૦
તા.૦૮/૧૧/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ યુદ્ધમાં શહીદ થયેલ સૈનિકોના સંતાનોને શૈક્ષણિક સવલતો આપવા માટેની યોજનાનો લાભ લેવા માટે આવક મર્યાદા રદ કરવામાં આવેલ છે. જે અન્વયે નીચે મુજબની બાબતો ધ્યાને લઇને સરકારી અને માત્ર ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળવા પાત્ર થતી સને ૨૦૧૯-૨૦ ના વર્ષની વોર કન્સેશન હેઠળની સવલતો પૂરી પાડવા માટેની દરખાસ્ત નીચે મુજબના **નિયત પત્રકમાં દિન-૧૦ માં અત્રેની કચેરીમાં જમા કરાવવાની રહેશે. સમયમર્યાદા બાદ મળેલ માહિતી ધ્યાને લેવામાં આવશે નહિ જેની દરેક આચાર્યશ્રીએ નોંધ લેવી.**

1. માત્ર સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લાગુ પડશે.
2. યુદ્ધમાં શહીદ થયેલા અને ઘવાયેલા સૈનિકોના સંતાનોને આ યોજના લાગુ પડશે.
3. આ યોજનાનો લાભ લેવા માટે કોઇ આવકમર્યાદા નથી.
4. આ યોજના હેઠલનો લાભ આપવા માટે વિદ્યાર્થીની ફી, ગણવેશ, શૈક્ષણિક સાધનો, હોસ્ટેલનો ખર્ચ વિગેરે જેવા લાભ મળવાપાત્ર થાય છે. આવા વિદ્યાર્થીઓ પાસેથી નિયત અરજી, આધારકાર્ડ, બેન્કખાતાની વિગત, વિદ્યાર્થીના પિતા સૈનિક હોવાના સરકારી પુરાવા, મરણનું પ્રમાણપત્ર કે યુદ્ધમાં ઘવાયાના આધાર મેળવી લેવાના રહેશે.

(P.T.O)

Scanned by CamScanner

5. લાભાર્થીની વિગતો નીચે મુજબના નિયત પત્રકમાં આધારો સહિત મોકલી આપવાની છે. જેના આધારે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે.

પત્રક

| ક્રમ | શાળાનું નામ/સરનામું | વિદ્યાર્થીનું નામ | ધોરણ | જરૂરી ગ્રાન્ટની રકમ રૂ./- | જરૂરી રકમની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |

જિલ્લા શિક્ષણાધિકારી
For ભાવનગર

**નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:**

શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી-તમામ

સદર કચેરી

Scanned by CamScanner